જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૩/૨૦૧૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૫૦૬/૧૬

## બે દેશી તમંચા તથા ત્રણ કાર્ટીઝો સાથે એક ઇસમને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં નાયબ પોલીસ કમિશ્નર શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં ગેર કાયદેસર હથિયારો રાખી લુટ, ધાડ, ખુનનાં ગુન્હાઓ બનતાં હોય જે ગુન્હાઓ શોધી કાઢવા તથા ગુન્હા બનતાં અટકાવવા સારૂ તેમજ નાસતા ફરતાં આરોપીઓને શોધી કાઢવા સારૂ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી આર.આઇ. જાડેજા તથા પો.સ.ઇન્સ. શ્રી એસ.એન.દેસાઇ તથા બીજા સ્ટાફનાં માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીગમાં હતાં. તે દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે હીરાવાડી લુબી ચાર રસ્તા પાસેથી આરોપી સત્યેન્દ્ર ઉર્ફે સત્તા S/O કરણસિહ જાતે કુશવાહ ઉ.વ.૨૦ રહે. રાધેશ્યામ ફેકટરીમાં રોનક કંમ્પાઉન્ડ મહાલક્ષ્મી પેટ્રોલ પંપ પાસે નારોલ અમદાવાદ શહેર મુળ વતન ગામ: હોલીપરા થાના:બહા, તા.બહા જી. આગ્રા (યુ.પી.) નાને તા.૧૭૦૩૨૦૧૬ ના રોજ પકડી અટક કરી તેની પાસેથી દેશી હાથ બનાવટના તમંચા નંગ:-૨ તથા મોટા કાર્ટીસ નંગ-૦૩ મળી આવતાં તપાસ અર્થે કબજે કરવામાં આવેલ છે.

આ કામે પકડાયેલ આરોપીની પુછ પરછ કરતાં પોતે નારોલ રોનક કંમ્પાઉન્ડ મા આવેલ રાધેશ્યામ પ્લાસ્ટિક ની ફેકટરીમા નોકરી કરે છે અને ત્યાંજ રહે છે અને પોતાના ભાઇ મેમ્કો ખાતે રહે છે અને પોતે બે મહિના પહેલા પોતાના વતન મા ગયેલ તે વખતે યુ.પી મા આગ્રા જીલ્લાના ખોણ ગામમા રહેતા રવિ યાદવ નામના માણસ પાસેથી અહી અમદાવાદ મા કોઇ ને વેચવા સારુ લાવેલાનુ જણાવેલ છે

ઉપરોક્ત પકડાયેલ આરોપી પોતાની પાસે બે મહિનાથી હથિયારો રાખેલ હોય, જે હથિયારોથી બીજા કેટલા ગુના કરેલ છે. કે કેમ ? તે દીશામાં તથા મળી આવેલ હથીયારો તથા કાર્ટીસ સીવાય અન્ય હથિયાર કે કાર્ટીસ છે. કે કેમ ઋ તેમજ આ હથિયારો કયા ઉદ્દેશથી ખરીદવામાં આવેલ હતું. તે દિશામાં તપાસ પોલીસ સબ ઇન્સ. શ્રી એસ.એન.દેસાઇ નાઓ ચલાવી રહેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)